બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ
આવક નં. 3598 ૬૯
વિભાગ
તારીખ 16 DEC 2014
અધિષ્ઠાતાશ્રીની કચેરી

રાજ્યની તબીબી કોલેજોમાં સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતાં તથા નિવાસી તબીબી તરીકે નિમણૂક મેળવનાર ઉમેદવારો પાસેથી ગ્રામ્ય સેવાઓ બજાવવા અંગે લેવાના બોન્ડ બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક:-એમસીજી/૧૦૧૩/એસએફએસ-૫૪/જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૧૩/૧૦/૨૦૧૪

વંચાણે લીધો:-

(૧) આ વિભાગના તા.૨૮/૬/૨૦૧૩, તા.૦૧/૦૭/૨૦૧૩ની સરખા ક્રમાંકના ઠરાવ.
(૨) અધિક નિયામકશ્રી તબીબી શિક્ષણની તા.૨૧/૦૮/૨૦૧૪ની સીંગલ ફાઇલ ઉપરની દરખાસ્ત.

આમુખ:-

રાજ્ય સરકારના ઉપર વંચાણે લીધેલ ઠરાવોથી રાજયની સરકારી મેડિકલ કોલેજોમા અભ્યાસ કરતાં સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થિઓ પાસેથી સરકારની ગ્રામ્ય સેવા બજાવવા માટે અનુક્રમે રૂ ૫ લાખ, રૂ. ૧૦ લાખના બોન્ડ લેવાનું ઠરાવવામાં આવેલ છે. ઉક્ત બોન્ડ લેવા અંગેની જોગવાઇઓમાં સુધારો દાખલ કરવા અંગેની બાબત તથા ઉપર વંચાણે લીધેલ ક્રમ ૨ થી મળેલ અધિક નિયામકશ્રી તબીબી શિક્ષણની દરખાસ્તથી અનુસ્નાતક અભ્યાસક્રમમાં નોન-ક્લીનીકલ વિષયોમાં બોન્ડ લેવાનું નાબુદ કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

કાળજીપુર્વકની વિચારણાને અંતે, (૧) બોન્ડ અંગેની સર્વે ન્યાયિક બાબતોમાં કોર્ટ-કચેરીનું કાર્યક્ષેત્ર ગુજરાત રાજ્ય રહેશે તથા (૨) બોન્ડેડ તબીબ જ્યાં સુધી તેઓની બોન્ડેડ સેવા પૂર્ણ ના કરે ત્યાં સુધી સંબંધિત યુનિવર્સિટી દ્વારા તેઓને ફક્ત પ્રોવિઝનલ સર્ટીફીકેટ આપવામાં આવશે તથા તેઓની બોન્ડેડ સેવા પૂર્ણ કર્યા બાદ જ તેઓને ડીગ્રી સર્ટીફીકેટ આપવામાં આવશે તથા (૩) અનુસ્નાતક અભ્યાસક્રમમા ઉપર વંચાણે લીધેલ ક્રમ ૧ ઉપરના ઠરાવોથી રૂ ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા)ના બોન્ડ આપવાનું ઠરાવેલ હતું, તેમાં સુધારો કરીને (૧) એનેટોમી, (૨) ફીઝીયોલોજી, (૩) બાયોકેમેસ્ટ્રી, (૪) ફોરેન્સિક મેડીસીન (૫)

પી.એસ.એમ. અને (૬) ફાર્માકોલોજીના નોન-ક્લીનીકલ વિષયોમાં, અનુસ્નાતક અભ્યાસક્રમમાં બોન્ડ લેવાનું પશ્ચાતવર્તી અસરથી નાબુદ કરવાનું ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ ઠાકર)
સેકશન અધિકારી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ

- માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી,રાજયભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સિચવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આરોગ્ય)નાઅંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ત.સે.ત.શિ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- કમિશ્નરશ્રી,આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી,ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી,તબીબી શિક્ષણ અને સંશોધન,સીવીલ હોસ્પિટલ,ગાંધીનગર.
- વાઇસ ચાન્સેલરશ્રી,રાજયની સર્વે યુનિવર્સિટીઓ,
- ડીનશ્રી,રાજયની સર્વે સરકારી મેડીકલ કોલેજો,
- રજીસ્ટ્રારશ્રી, રાજયની સર્વે યુનીવર્સિટીઓ,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- વિભાગની વ,ત,ત-૧,થ,છ તથા ચ શાખાઓ.
- શાખા સીલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારીશ્રી સીલેકટ ફાઇલ.